સંદેશ (ગાંધીનગર આવૃત્તિ), પાના નં.૧૧, તા.૨૯.૦૬.૨૦૨૪

પેનલ અને તેના મેઈન્ટેનન્સ પાછળ ૨૨.૫૦ કરોડના ખર્ચનો અંદાજ

# ગાંધીનગરમાં મેટ્રો રેલના ૧૫ સ્ટેશનો ઉપર રુફટોપ સોલાર પેનલ લગાવાશે

**પાંચ મેગાવોટની સોલાર પેનલો લગાવવાનું આયોજન : દરખાસ્ત તૈયાર**

**ઉત્પાદિત વીજળીનો મેટ્રો સ્ટેશનની વીજ જરૂરિયાતમાં ઉપયોગ લેવાશે**

। ગાંધીનગર ।

ગાંધીનગર અમદાવાદ વચ્ચેની મેટ્રોરેલના ગાંધીનગરમાં સમાવિષ્ટ ૧૫ મેટ્રો સ્ટેશન પર આગામી દિવસોમાં રૂફટોપ સોલાર પેનલ લગાવવામાં આવશે. આ સોલાર પેનલ થકી ઉત્પન્ન થનાર વિજળીનો ઉપયોગ મેટ્રોરેલની વીજ જરૂપિયાતમાં ઉપયોગ લેવામાં આવશે. ઉલ્લેખનીય છેકે, ઉપરોક્ત પેનલ અને તેના મેન્ટેનન્સ પાછળ અંદાજીત ૨૨.૫૦ કરોડના ખર્ચનો અંદાજ છે. ટુંક સમયમાં જ આ સોલાર પેનલ પ્રોજેકટ પર કામ શરૂ કરવામાં આવશે. ઉલ્લેખનીય છેકે, અત્યારે અમદાવાદ ગાંધીનગર વચ્ચેની મેટ્રોરેલ પ્રોજેક્ટના ફેઝ -૨નું મોટાભાગનું કામ પુર્ણ થયુ છે.મેટ્રોરેલ સ્ટેશનો પણ બનીને તૈયાર થઈ ગયા છે. મેટ્રોટ્રેકના ટેસ્ટ પણ પુર્ણ થયા છે. ટુંક સમયમાં જ ગાંધીનગર અમદાવાદ વચ્ચે મેટ્રોરેલ દોડતી થશે. આ મેટ્રોરેલથી એક તરફ અમદાવાદ ગાંધીનગર વચ્ચેનું ટ્રાફિક ભારણમાં ઘટાડો થશે સાથેસાથે પબ્લીક ટ્રાન્સપોર્ટની વધુ એક સુવિધા ઉપલબ્ધ થવાથી વાયુ પ્રદુષણમાં પણ ઘટાડો થશે. મેટ્રોરેલ ટ્રેક પર અત્યાધુનિક મેટ્રો સ્ટેશન બનાવવામાં આવ્યા છે. દરેક મેટ્રો સ્ટેશનની છતનું ક્ષેત્રફળ અંદાજીત ૩૨૫૮ સ્કેવર મિટરનું છે. જે છતનો પણ આગામી દિવસોમાં વીજ ઉત્પન્ન કરવા માટે ઉપયોગમાં લેવાશે. મેટ્રોરેલ પ્રોજેક્ટમાં ઉપરોક્ત મેટ્રોસ્ટેશન પર ટુંક સમયમાં જ ગ્રીડ કનેક્ટેડ રૂફટોપ સોલાર ફોટોવોલ્ટેઈક પાવર પ્રોજેક્ટ અંતર્ગત સોલાર પેનલ સિસ્ટમ ફીટ કરવામાં આવશે. આ માટે ગાંધીનગરના ૧૫ મેટ્રો સ્ટેશન નક્કી કરવામાં આવ્યા છે.

અનુસંધાન પાના નં.3 ઉપર

## આ સ્ટેશનો પર સોલાર પેનલ લગાવવામાં આવશે

મેટ્રોરેલ પ્રોજેક્ટના સેકન્ડ ફેઝમાં બનેલા મેટ્રોસ્ટેશન પર વીજ ઉત્પન્ન માટે સોલાર પેનલ ફિટ કરવામાં આવનાર છે. ગાંધીનગરના જે ૧૫ મેટ્રો સ્ટેશન પર આ પેનલ લગાવવામાં આવનાર છે તેમાં સેક્ટર-૧, ઇન્ફોસિટી, ધોળાકુવા, રાંદેસણ, રાયસણ, પીડીપીયુ, જીએનએલયુ, ગિફ્ટસિટી, કોબા ગામ, જુના કોબા, કોબા સર્કલ, નર્મદા કેનાલ, તપોવન, વિશ્વકર્મા કોલેજ, કોટેશ્વર રોડ જેવા મેટ્રોસ્ટેશનનો સમાવેશ થાય છે.

અનુસંધાન પાના નં. ૦૩

**ગાંધીનગરમાં...**

જેના પર પાંચ મેગાવોટની ક્ષમતા ધરાવતી સોલાર પેનલ સિસ્ટમ ફીટ કરવામાં આવશે. આ પેનલ થકી ઉત્પન્ન થનાર વીજળી મેટ્રોસ્ટેશનની વીજ જરૂપિયાતને સંતોષશે.આ પાંછળ ૨૨.૫૦ કરોડનો ખર્ચનો અંદાજ છે. આ માટેની દરખાસ્ત પણ મેટ્રોરેલ તરફથી કરવામાં આવી છે.